| | |
|---|---|
| આંક | : |
| કેસ પ્રાપ્તિ તારીખ | : ૨૭–૦૪–૨૦૨૬. |
| કેસ દાખલ તારીખ | : ૨૭–૦૪–૨૦૨૬. |
| કેસ નિર્ણિત તારીખ | : ૦૮–૦૬–૨૦૨૬. |
| અવધી સમય | : વર્ષ – માસ– દિવસ |
| | ૦૦ ૦૧ ૧૧ |

## જૂનાગઢના મે. મોટર અકસ્માત વળતર પંચ (સહાયક) સમક્ષ, મુ. જુનાગઢ

**દિવાની પરચુરણ અરજી નં. ૫૯/૨૬.**

હરીદાસ ખીમજીભાઇ બુમતારીયા,
ઉ.વ.–૬૦, ધર્મે–હિંદુ, ધંધો–પ્રા.નોકરી તેમજ વેપાર,
રહે.જૂનાગઢ, ઠે. મધુરમ, શ્રી રામ રેસીડન્સી,
જૂનાગઢ. **અરજદાર.**

**–વિ રૂ દ્ધ–**

શ્રી સરકાર,
સમન્સ થ્રુ સરકારી વકીલશ્રી,
જૂનાગઢ. **સામાવાળા.**

અરજ: સી.પી. સી. ઓર્ડર–૩૩, રૂલ–૧, ૨ ના પ્રબંધો અનુસાર નાદારી અરજી.

| | |
|---|---|
| અરજદારો તરફે | : વિ.વકીલ શ્રી કે.એલ.સાંચેલા. |
| સામાવાળા તરફે | : વિ. ડી.જી.પી. શ્રી એન.કે.પુરોહીત. |

**–:: ઠ રા વ ::–**

(૧) અરજદારે હાલની આ અરજી તા. ૧૦–૦૪–૨૬ ના રોજ વાહન અકસ્માતમાં થયેલ ઈજા સબબ સામાવાળાઓ પાસેથી રૂા.૧૫,૦૦,૦૦૦/– નું વળતર મળવા માટે કલેઈમ કેસ દાખલ કરવા માટે રૂા. ૭,૫૦૦/– કોર્ટ ફી સ્ટામ્પ ભરવાની થાય છે પરંતુ અરજદાર કોર્ટ ફી સ્ટામ્પની રકમ ભરી શકે તેવી તેમની આર્થીક સ્થિતી નથી તેમજ

તેઓ પાસે મિલકતના શેડયુલમાં જણાવ્યા મુજબની મિલકતો આવેલ હોય અને તેઓએ અરજી દાખલ કયા પહેલા કોઈ સ્થાવર–જંગમ મિલકત ટ્રાન્સફર કે વેચાણ કરેલ નથી કે કોઈ વ્યકિત સાથે લાગભાગ કે ભાગીદારી કરાર કરેલ નથી. જેથી આ કેસ નાદારીમાં દાખલ કરવા પરવાનગી માગેલ છે.

(૨) અરજી લગત સરકારી વકીલશ્રીને નોટીશ બજાવતા સરકારશ્રી તરફે વિ. ડી.જી.પી.શ્રી એન.કે.પુરોહીત હાજર થયેલા છે અને તેઓએ આંક–૧૦ થી અરજી સામેના વાંધા રજુ કરેલા છે જેમાં તેઓએ જણાવેલ છે કે, અરજદારની અરજી ખરી કે કાયદેસરની ન હોય રદ્દ થવાપાત્ર છે અને અરજદારને આવી અરજી લાવવા કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી અને અરજદારની અરજી સમય મર્યાદામાં નથી અને અરજદારએ અરજીના સમર્થનમાં આવક અંગે કોઈ દાખલો રજુ કરેલ નથી, અરજદારની અરજી ચલાવવા નામ. કોર્ટને હકુમત નથી અને અરજદારે રજુ કરેલ શેડયુલની હકીકતો તેમજ અરજદારે રજુ કરેલ સોગંદનામાની હકીકતો ખરી હોવાનુ કબુલ કરવામાં આવતુ નથી. અરજદાર કોર્ટ ફી ભરવા શકિતમાન ન હોવાની હકીકત કબુલ કરવામાં આવતુ નથી. તે તમામ હકીકતે અરજી રદ્દ કરવા જણાવેલ છે.

(૩) આ કામના અરજદારે તેની અરજીમાં તેઓ હાલ કોર્ટ ફી ભરી શકે તેમ નથી કે તેમની પાસે કોઈ સ્થાવર કે જંગમ મિલકત શેડયુલમાં જણાવ્યા સિવાયની ન હોય તેથી તેમની અરજી નાદારીમાં ચલાવવા પરવાનગી આપવા અરજ કરેલી છે તેમજ તેઓએ અરજી પહેલા તેમની કોઈ મિલકત ટ્રાન્સફર કે વેચાણ કરેલ નથી કે કોઈ લાગભાગ કે ભાગીદારી રાખેલ નથી. બન્ને પક્ષકારોનાં વિધ્વાન વકીલશ્રીની રજુઆત અને અરજદારે અરજી સાથે રજુ રાખેલ આંક–૩ ના મિલ્કતનાં શેડયુલથી અરજીની હકીકતને સમર્થન મળે છે. સામાવાળા તરફે અન્ય કોઈ પુરાવો રજુ નથી જે ધ્યાને લેતા આ કામના અરજદારો કલેઈમ કેસ દાખલ કરવા માટે ભરવાની થતી કોર્ટ ફી સ્ટામ્પની રકમ ભરપાઈ કરી શકે તેવી સ્થિતી હોવાની હકીકત રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરી શકેલ નથી. આ કામના અરજદારોને જો નાદારીમાં કલેઈમ કેસ દાખલ કરવા દેવામાં

આવે તો સામાપક્ષને કોઈ હાની થાય તેમ નથી જે તમામ હકીકતે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) અરજદારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) તા.૧૦–૦૪–૨૦૨૬નાં રોજ વાહન અકસ્માતમા અરજદારને થયેલ ઈજા સબબ વળતરની રકમ રૂપિયા પંદર લાખ પુરા મેળવવા કરેલ અરજી નાદારીમાં દાખલ કરવા પરવાનગી આપવામાં આવે છે.

(૩) અરજદારે રજુ કરેલ વળતર અરજી એમ.વી.એકટ કલમ–૧૬૬ તળે નિયમીત વળતર અરજી તરીકે રજીસ્ટરે લેવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) અરજદારે રજુ કરેલ વળતર અરજી મંજુર થયેથી મળવા પાત્ર વળતરની રકમમાં થી પ્રથમ કોર્ટ ફીની રકમ વસુલ કરવી અને વળતર અરજી નામંજુર થાય તો નિયમાનુસાર અરજદાર પાસેથી વસુલ લેવા પાત્ર કોર્ટ ફી ની રકમ વસુલ કરવી.

આ હુકમ આજ તારીખ ૦૮ મી, માહે : જુન, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

જૂનાગઢ.
તારીખ ૦૮–૦૬–૨૦૨૬

**(અમિત રમેશભાઈ રાણા)**
એમ.એ.સી.ટી. (ઓકઝી.)
જૂનાગઢ.
(કોડ નં.જીજે.૦૦૯૬૫)